# જેડીયુ એનડીએ સાથે છેડો ફાડશે

નવી દિલ્હી,તા. ૧૨

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાજપની ચૂંટણી પ્રચાર સમીતિની જવાબદારી સોંપવામાં આવ્યા બાદ એનડીએ ગઠબંધનમાં સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. એનડીએ સાથે છેડો ફાડી લેવાની તૈયારી જેડીયુ દ્વારા કરી લેવામાં આવી છે. કોઈ પણ સમયે એનડીએમાંથી જેડીયુ નીકળી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ ગઠબંધનને જાળવી રાખવાના પ્રયાસો પણ ચાલી રહ્યા છે. મોદીના કારણે જેડીયુ એનડીએ સાથે છેડો ફાડી લે તેવી શક્યતા દેખાઈ રહી છે. નિતીશ કુમારની પાર્ટી જનતાદળ યુનાઈટેડે નારાજ થઈને એનડીએ સાથે છેડો ફાડી લેવાની તૈયારી કરી લીધી છે. એનડીએમાં ભાજપના સૌથી મજબૂત ઘટક ગણાતા જેડીયુએ ગઠબંધન સાથે છેડો ફાડી દેવાના સંકેત આપી દીધા છે. જેડીયુના નેતા શિવાનંદ તિવારીએ માહિતી આપતા કહ્યુ છે કે અડવાણીનો યુગ પુરો થયો છે. જેડીયુને ભાજપ સાથે ગઠબંધનના મામલે ટૂંકમાં જ નિર્ણય કરવાની ફરજ પડશે. એડકે અડવાણી ખૂબજ લોકપ્રિય અને વરિષ્ઠનેતા છે પરંતુ તેમનું કદ ઘટી ગયુ છે. તેમનો તબક્કો પૂરો થયો છે. તેઓ એવી વયમાં પહોંચ્યા છે જ્યાંરે તેઓએ નિવૃત્તિ લઈ લેવી જોઈએ. તિવારીએ એમ પણ કહ્યુ છે કે ખૂબજ મહત્વપૂર્ણ ઘટનાક્રમ હાલમાં થઈ રહ્યા છે. ભાજપ અને જેડીયુ વચ્ચે ગઠબંધનના સંબંધમાં તિવારીએ કહ્યુ હતુ કે હવે તમામ બાબાત સ્પષ્ટ છે. એક બે દિવસમાં નિર્ણય લેવામાં



આવશે. જેડીયુના નેતાઓએ મોદીના ઉદયના મામલે ભાજપ સાથે ૧૭ વર્ષ જૂના ગઠબંધનનો અંત લાવવાનો નિર્ણય કર્યો હોવાનું જાણવા મળે છે. વિધિવત જાહેરાત ટૂંક સમયમાં જ કરવામાં આવી શકે છે. એકબાજુ જેડીયુમાં બેઠકોનો દોર ચલી રહયો છે. અપક્ષ ધારાસભ્યને મળવાનો સિલસિલો ચાલુ થઈ ચૂક્યો છે. નિતીશ કુમાર એક એક કરીને પક્ષના વરિષ્ઠ નેતાઓને મળી રહ્યા છે. ગઠબંધન સાથે છેડો ફાડી દેવાની જાહેરાત કોઈપણ સમયે કરવામાં આવી શકે છે. જેડીયુના નેતા અને બિહાર સરકારમાં પ્રધાન રહેલા શ્યામ રઝકનું કહેવું છે કે ગોવામાં જે કાઈ પણ થયું છે તેનાથી અમને ખૂબ જ આઘાત લાગ્યું છે. આના મામલે ફેર વિચારણા ચાલી રહી છે. ભાજપ સાથે ગઠબંધન પર ફેરવિચારણાને લઈને જેડીયુના નેતા વિજય ચૌધરી, શ્યામ રઝક, અલી અનવર, રંજન યાદવ, પી કે સાઈની સાથે નિતીશ કુમારે અડધી રાત્રે વિચારણા કરી હતી. અલબત્ત જેડીયુના નેતા અને જડસંશાધન પ્રધાન વિજય ચૌધરીએ કહ્યું છે કે હજુ સુધી કોઈપણ નિર્ણય કરવામાં આવ્યો નથી. સૂત્રોની વાતમાં વિશ્વાસ કરવામાં આવે તો ટૂંક સમયમાં જ અંતિમ નિર્ણય કરાશે. અલબત્ત જાણકાર લોકોનું કહેવું છે કે ગઠબંધન તૂટી જવાની સ્થિતિમાં જીડીયુને ફટકો પડી શકે છે. ભાજપના પ્રવક્તા સહ નવાઝ હુસૈને કહ્યું છે કે જો જેડીયુ ગઠબંધનથી બહાર જવા માગે છે તો તેની ઈચ્છા છે. અમે કોઈ ટિપ્પણી કરવા માગતી નથી. ગઠબંધન માટે આવનાર દિવસો ખૂબ જ પડકારરૂપ હોઈ શકે છે.

## ૧૬૦ વર્ષ જુની ટેલિગ્રામ સેવા બંધ

તીરુચિલાપલ્લી, તા.૧૨

સ્માર્ટ ફોન, ઈમેઈલ અને એસએમએસ આધુનિક સમયમાં વર્ચસ્વ જમાવી ચુક્યા છે ત્યારે આશરે ૧૬૦ વર્ષ જૂની ટેલીગ્રામ સેવા બંધ થવાના આરે પહોંચી ગઈ છે. ૧૬૦ વર્ષથી ચાલી રહેલી આ ટેલીગ્રામ સેવાને ૧૫મી જુલાઈથી બંધ કરી દેવાની જાહેરાત બીએસએનએલ દ્વારા કરી દેવામાં આવી છે. આની સાથે હવે કોઈ પણ લોકોના ઘરે તાર કે ટેલીગ્રામ આવશે નહીં. એક સમય ઝડપથી અને અતિ જરૂરી દૂરસંચાર માટે મુખ્યસોર્સ ગણાતી આ સેવાએ દેશભરમાં અનેક લોકો માટે ખુશીના અને દુઃખના સમાચાર આપ્યા હતા પરંતુ નવી ટેકનોલોજી આવ્યા બાદ અને દૂર સંચારના નવા સાધનો આવી ગયા બાદ ટેલીગ્રામની સ્થિતિ નબળી પડી હતી. હવે ટેલીગ્રામ ખૂબ ઓછા અને નહિવત જેવા લોકો કરે છે. મોબાઈલ દ્વારા લોકોને જાણ કરવામાં આવે છે. જુદા દૂરસંચાર જિલ્લાઓ અને સર્કલ ઓફિસોને મોકલી દેવામાંઆવ્યો છે.




ભારત સંચાર નિગમ લિમિટેડની ટેલીગ્રામ સેવાઓના વરિષ્ઠ જનરલ મેનેજર સમિમ અક્ષર દ્વારા નવી દિલ્હી સ્થિત કોર્પોરેટ ઓફિસથી જારી કરવામાં આવેલા પરિપત્રમાં જણાવ્યા અનુસાર ટેલીગ્રામ સેવાઓ ૧૫મી જુલાઈ ૨૦૧૩થી બંધ કરી દેવામાં આવશે. આપરિપત્ર જુદા જેમાં જણાવવામાં આવ્યુછે કે ટેલીગ્રામસેવા ૧૫મી જૂલાઈએ બંધ થશે. આની સાથે જ બીએસએનએલ સંચાલન હેઠળ આવતી તમામ ટેલીગ્રામઓફીસ ૧૫મી જુલાઈએ બંધ થઈ જશે. વિતેલા વર્ષોમાં આ સેવાનું ખુબ મહત્વ હતુ.

## રાહુલ, સોનિયા, પીએમ શુક્લનાં પરિવારને મળ્યાં

રાયપુર,તા.૧૨

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસી નેતા વિદ્યાચરણ શુક્લનાં મૃતદેહનું ગઈકાલ સાંજે એમ્પ હોસ્પિટલમાં પોસ્ટમોટર્મ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શુક્લનાં પાર્થિવ શરીરને વિશેષ વિમાન દ્વારા છત્તીસગઢ લઈ જવાયું હતું. ગત મહિને દરભાઘાટીમાં થયેલા નક્સલી હુમલામાં ગંભીરરૂપે ઘાયલ થયેલા વિદ્યાચરણ શુક્લનું ગઈકાલ બપોરે ગુડગાંવની હોસ્પિટલમાં નિધન થયું હતું. તેમનાં નિધનનાં સમાચાર મળતાં જ વડાપ્રધાન મનમોહનસિંહ, યુપીએ અધ્યક્ષા સોનિયા ગાંધી, કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ગુલામનબી આઝાદ શુક્લનાં પરિવારને મળવા માટે એમ્સ હોસ્પિટલ પહોંચી ગયા હતાં. સોનિયા ગાંધી ૭.૧૫ કલાકે રાહુલની સાથે એમ્સ પહોંચ્યા હતાં, તેમની પાંચ મિનિટ બાદ મનમોહનસિંહ હોસ્પિટલ પહોંચ્યા હતાં અને ત્રણેય નેતાઓ ૧૫ મિનિટ સુધી હોસ્પિટલમાં રોકાયા હતાં અને શુક્લનાં પરિવારને સાંત્વના આપી હતી. દરમિયાન એમ્સમાં વીવીઆઈપીઓની અવર-જવર વધવાના કારણે સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી હતી, એમ્સનાં તમામ ગેટ બંધ કરી દેવાયા હતાં. ખાનગી વાહનો સહિત કોઈને પણ હોસ્પિટલમાં પ્રવેશ અપાયો નહતો. મોટી સંખ્યામાં પોલીસદળ ખડકી દેવાયું હતું. ઈમરજન્સી અને ઓપીડી તરફ બનેલાં ગેટ ઉપર પણ પ્રવેશબંધી કરી દેવામાં આવી હતી. વિદ્યાચરણ શુક્લનું પોસ્ટમોટર્મ એમ્સનાં પાંચ ડૉક્ટરોએ લગભગ ૯૦ મિનિટ સુધી કર્યું હતું. પોસ્ટમોર્ટમનાં પ્રાથમિક રિપોર્ટ મુજબ શુક્લનું મોત શરીરનાં આંતરિક ઘા અને તેનાં કારણે થયેલ રક્તસ્ત્રાવથી થયું હતું. શુક્લને અન્ય કોઈ બિમારી હતી નહીં પરંતુ તેમનાં પર થયેલા ગોળીબારના કારણે જ તેમનું મોત નિપજ્યું હતું.

## હવે ઔદ્યોગિક ઉત્પાદનો વૃદ્ધિદર ઘટીને બે ટકા થયો

નવી દિલ્હી, તા.૧૨

દેશના ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિદર એપ્રિલ મહિનામાં ઘટીને બે ટકા થઈ ગયો છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડો થવા માટે કેટલાક પરિબળ જવાબદાર રહ્યા છે જેમાં મેન્યુફેક્ચરીંગ, માઈનીંગ અને પાવર સેક્ટરના અતિ કંગાળ દેખાવનો સમાવેશ થાય છે. ફેકટરી ઉત્પાદનની દષ્ટિએ મહત્વપૂર્ણ ગણાતા ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઈઆઈપી)ના આંકડા ખુબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. આજે આ આંકડા જારી કરવામાં આવ્યા હતા. આ વર્ષે માર્ચ મહિનામાં આઈઆઈપી ગ્રોથ રેટ ગયા મહિને જારી કરાયેલા ૨.૫ ટકાની સરખામણીમાં સુધરીને ૩.૪ ટકા થયો હતો. ૨૦૧૨-૧૩માં ઔદ્યોગિક ગ્રોથ રેટ મે મહિનામાં જારી એક ટકાના અંદાજથી વધીને ૧.૧ ટકા થયો હતો. ૨૦૧૧-૧૨માં આઈઆઈપી ગ્રોથ રેટ ૨.૯ ટકા હતો. ઈન્ડેક્સમાં ૭૫ ટકાનું યોગદાન આપનાર મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં એપ્રિલ મહિનામાં માત્ર ૨.૮ ટકાના દરે વધારો નોંધાયો છે. એક વર્ષ અગાઉની સરખામણીમાં આમાં કોઈ સારો દેખાવ થયો નથી. નિર્માણ ક્ષેત્રમાં વૃદ્ધિદર ૨.૮ ટકા થઈ ગયો છે. ખાણ ક્ષેત્રમાં નિરાશાજનક દેખાવ રહ્યો છે. એપ્રિલ મહિનામાં આ ક્ષેત્રમાં ઉત્પાદન ત્રણ ટકા રહ્યુ છે. બીજી બાજુ વિજળી ઉત્પાદનમાં ૦.૭ ટકાનો નજીવો વધારો થયો છે. જુદા જુદા ક્ષેત્રોની સરખામણીમાં મે મહિનામાં મેન્યુફેક્ચરીંગ, માઈનીંગ અને પાવર સેક્ટરમાં નિરાશાજનક દેખાવ રહ્યો છે. મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં ૨૨ ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ પૈકી એકંદરે ૧૩માં એપ્રિલ દરમિયાન પોઝિટિવ ગ્રોથ નોંધાયો છે. કન્ઝ્યુમર ડ્યુરેબલના ઉત્પાદનમાં ઘટાડો એપ્રિલમાં ૮.૩ ટકા રહ્યો છે.

## ૧ જુલાઈથી એસએમએસ દ્વારા રેલવે ટિકીટ બુક કરાશે

નવીદિલ્હી,તા.૧૨

આવતા મહિને આઈઆરસીટીસી પહેલીવાર જુલાઈમાં એક નવી સિસ્ટમ શરૂ કરવા જઈ રહી છે જેમાં કોઈપણ વ્યક્તિ ઈન્ટરનેટ વગર મોબાઈલ ફોનથી એસએમએસ દ્વારા પોતાની ટિકીટ બુક કરાવી શકશે. રેલવે દ્વારા એસએમએસ કરવા માટેનો નંબર ખૂબજ ઝડપથી જાહેર કરવામાં આવશે. આ પ્રક્રિયામાં પ્રવેશ માટે જે-તે પ્રવાસીએ આઈઆરસીટીસીની વેબસાઈટ પર જઈને પોતાનો મોબાઈલ રજિસ્ટર કરવાનો રહેશે. ટિકીટની રકમ અને પેમેન્ટ માટે બેંકમાં રજિસ્ટ્રેશન કરાવવું પડશે. ટિકીટ બુક કરવા માટે એસએમએસનો ચાર્જ રૂપિયા ત્રણ વસુલવામાં આવશે. આ ઉપરાંત પાંચ હજારની ટિકીટ પર રૂપિયા પાંચ અને તેનાથી વધારેની ટિકીટ પર રૂપિયા ૧૦ ચાર્જ લેવામાં આવશે. આઈઆરસીટીસીનાં પ્રવક્તાએ જણાવ્યું હતું કે, આ સુવિધા પ્રવાસીઓ માટે દેશમાં કોઈપણ સ્થળે ટિકીટ ઉપલબ્ધ કરાવવાનાં ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવી રહી છે જેમાં પ્રિન્ટઆઉટ કઢાવવાની જરૂર રહેશે નહીં. માત્ર મોબાઈલ પર મળેલો મેસેજ ટિકીટનુંકામ કરશે. રેલવે ટિકીટ રકમની ચૂકવણી માટે ૨૬ બેંકોની યાદી જાહેર કરવામાં આવશે. આઈઆરસીટીસીનું કહેવુંછે કે જેનાથી ટિકીટ બુક કરવાનું આસાન બનશે તો કાઉન્ટર પર જમા થતી ભીડ ઓછી થશે. સૌપ્રથમ પ્રવાસીઓએ તેમનો મોબાઈલ નંબર આઈઆરસીટીસી



અને તેનાં બેંકમાં રજિસ્ટર કરાવવાનો રહેશે. બેંક એમએમઆઈડી મોબાઈલ મની આઈડેન્ટીફાયર અને ઓટીટી એકવાર કામમાં આવી શકે તેવો પાસવર્ડ આપશે જેના માધ્યમથી રેલવે ટિકીટની પસંદ કરેલી બેંકમાં રકમની ચૂકવણી કરવાની રહેશે. મુસાફરી કરી રહેલાં યાત્રિકો તેમનાં મોબાઈલ નંબર દ્વારા યાત્રાનું સ્થળ, ટ્રેનનો નંબર, શ્રેણી (ક્લાસ), ઉંમર, નામ, સ્ત્રી, પુરુષ અથવા બાળક વગેરેની જાણકારી આપતો એસએમએસ કરશે ત્યારબાદ તેને એમએમઆઈડી દ્વારા સિંગલ ટાઈમ પાસવર્ડ આપવામાં આવશે તેની ચૂકવણી બાદ ટિકીટ બુક થઈ જશે. અગાઉ આ સિસ્ટમ વર્ષ ૨૦૧૪ માર્ચમાં લાગુ થશે તેવો અંદાજ હતો પરંતુ હવે આ નવી સિસ્ટમ પહેલી જુલાઈથી જ રેલવે દ્વારા અમલી બનાવાઈ રહી છે. રેલવે ટિકીટ બુક કરનારાઓ તેમજ ટ્રેન વિશે જાણકારી મેળવનારાઓ માટે રેલવે ટિકીટ બુક કરાવવા માટે હવે ઓછો સમય લાગશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આઈઆરસીટીસીની વેબસાઈટ પર હંમેશા ફરિયાદ રહે છે કે, વેબસાઈટ પર ટિકીટ બુક કરાવવા માટે લાંબો સમય લાગે છે. હવે નવી સિસ્ટમ માટે નવા સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમ માટે આઈઆરસીટીસી રૂપિયા ૯૦થી ૧૦૦ કરોડનું રોકાણ કરશે તેવી પ્રબળ શક્યતા છે. હાલ દરરોજ આઈઆરસીટીસી ૪.૧૦ લાખ ટિકીટ બુક કરે છે. નવી સિસ્ટમથી પ્રવાસીઓને મુશ્કેલીઓમાં ઘટાડો થશે.

## સમાચાર ઝલક

- ધાનેરા પાલિકાના પ્રમુખના પુત્રનું અપહરણ મુદ્દે ધાનેરા બંધ રહ્યું.
- ધનસુરા નજીક માતા તેમજ બે પુત્રો ગુમ થયા.
- સાસણગીરમાં મેંગો ફેસ્ટીવલમાં દેશ-વિદેશની ૭૨ જાતની કેરીની વેરાયટીઓ હતી...
- સૌરાષ્ટ્ર-સોરઠ ઉપર મેઘો મહેરબાન, ૪ ડેમ ઓવરફ્લો, સર્વત્ર વરસાદથી આનંદ.
- દુષ્કાળની પરિસ્થિતિને કારણે ૧૦ ટકા ખાંડ ઉત્પાદન ઘટશે...
- વરસાદથી રોગચાળો વધવાની ભીતિ.
- આજે વિશ્વ બાળ મજુર દિન ઉજવાયો, રાજ્યભરમાં બાળમજુરોને છોડાવવા તંત્રે કામગીરી કરી.
- ગાયોની કતલની મંજુરી નહી આપીએ, મથુરાના મુસ્લિમોની પ્રતિજ્ઞા.
- સૌરાષ્ટ્રમાં હજુય વીજ પુરવઠો ખોરવાયેલો છે...
- ડોલરનો ભાવ વધતા પેટ્રોલના ભાવવધારાની વેતરણ.
- ગાંધીજીને સમજો એટલે ગ્લોબલ વોર્મિંગનો પ્રશ્ન હલ : મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી.
- જૈન શ્રેષ્ઠી દાનવીર દીપચંદ ગાર્ડી સામે કરોડોની છેતરપીંડીનો કેસ, મુંબઇમાં ફરિયાદ...
- ભગવાનની કથા સાંભળીને ઈર્ષાને ત્યજી દેજો, હૈદરાબાદમાં પૂ. મોરારીબાપુ...
- બહુમાળી ઇમારતો માટે માર્ગની પહોળાઇનાં નિયંત્રણો દૂર કરાયા...
- મકાનભાડા માટે નવો કાયદો ઘડવા વિચારણા.
- કાશ્મીરમાં અથડામણમાં એક ત્રાસવાદી ઠાર.
- બોલીવુડમાં ઘઉંવર્ણી ચામડીવાળી અભિનેત્રી તરફ સૂગ રખાય છે...
- ચીનની આર્થિક સ્થિતિ હજી ચિંતાજનક.
- ચોરી-ગુના અટકાવવા માટે વડોદરામાં સવારે પોલીસ રસ્તા પર પરેડ કરશે.
- શ્રદ્ધાળુની પ્રથમ ટુકડી માન સરોવર જ્યાં આજે રવાના થશે.
- શેરબજારમાં આર્થિક આંકડાઓ સાથે કડાકો યથાવત.
- સાણંદ નજીક આંગણવાડીમાં શીરો ખાતાં ૨૨ બાળકોને અસર.
- ખેરાળુમાં લોન રીન્યુ નહિ કરતાં ખેડૂતોનો દેનાબેંકમાં હોબાળો.
- મેં મહિનામાં મોંઘવારીનો દર મામુલી ઘટ્યો.

## વરસાદી કહેર : ઉ.પ્ર. અને પંજાબ ખાતે ૧૮નાં મોત

લખનૌ,તા.૧૨

આગ ઝરતી ગરમીથી પૂરા ઉત્તર ભારતમાં લોકો ત્રાહિમામ પોકારી ગયા હતાં ત્યારે વરસાદી વાતાવરણે એકતરફ મૌસમને ખુશનુમા બનાવી દીધું હતું ત્યારે ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાનાં કારણે ૧૬ અને પંજાબમાં ૨ લોકોએ તેમનો જીવ ગુમાવ્યો છે. મૃતકોમાં સૌથી વધારે ગોરખપુર અને બસ્તીના ૮ લોકો સામેલ છે. ઉત્તરાખંડમાં વરસાદના કારણે ભેખડો ધસી પડવાની ઘટનાઓ વધી રહી છે. ગંગોત્રી રાષ્ટ્રીય રાજમાર્ગ અને કેદારનાથના નેશનલ હાઈ-વે પર ત્રણ કલાક સુધી ટ્રાફિક જામ રહ્યો હતો. હિમાચલના ચંબામાં પણ ભેખડો ધસી પડી હતી અને માર્ગમાં અવરોધ ઉભા થયા હતાં. મંગળવારે યુપીમાં થયેલા વરસાદનાં કારણ વીજળી પડવાથી ગોરખપુર અને બસ્તીમાં ૮ લોકોનાં મોત થયા હતાં જ્યારે અવધ વિસ્તારન સીતાપુર અને બલરામપુરમાં એકનું મોત થયું છે. મૈનપુરી અને કાસગંજમાં વીજળી પડવાના કારણે બે લોકોએ તેમનો જીવ ગુમાવ્યો છે. અન્ય બે સ્થળોએ બે મજૂરો ઘાયલ થયા હતાં અને એકનું મોત થયું હતું. પંજાબના ભટીંડા પાસે વીજળી પડવાના કારણે પિતા-પુત્રનું એકસાથે મોત થયું હતું. અંબાલામાં મંગળવારે પડેલા ૪૫ મિનિટ સુધીના વરસાદમાં તાપમાન ૬ ડિગ્રી નીચે ઉતરી ગયું હતું.

## સેન્સેક્સ ૧૦૨ પોઈન્ટ ઘટી ૧૯૦૪૧ની નીચી સપાટીએ

મુંબઈ,તા. ૧૨

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેકસ ૧૦૨ પોઈન્ટ ઘટીને ૧૯૦૪૧ની નીચી સપાટીએ રહ્યોહતો જ્યારે નિફ્ટી ૨૯ પોઈન્ટ ઘટી ૫૭૬૦ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં હાલમાં મંદી માટે કેટલાક પરિબળો જવાબદાર દેખાઈ રહ્યા છે.

બેંચમાર્ક ઈન્ડેક્સ મંદી સાથે બંધ રહેવા માટે અન્ય પરિબળોની સાથે સાથે વિદેશી પરિબળો પણ જવાબદાર રહ્યા હતા. દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા જારી કરવામાં આવ્યા બાદ ચિંતા વધી ગઈ હતી. ઔદ્યોગિત ઉત્પાદનનો વૃદ્ધિદર એપ્રિલ મહિનામાં ઘટીને બે ટકા થઈ ગયો છે. મેન્યુફેક્ચરીંગ અને ખાણ ક્ષેત્રમાં કંગાળ દેખાવ આના માટે મુખ્ય કારણ છે. અપેક્ષા કરતા નબળા ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા જારી કરાયા બાદ તેની અસર રહી હતી. આ ઉપરાંત કન્ઝ્યુમર પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો મે મહિનામાં ઘટીને ૯.૩૧ ટકા થયો છે. મૂડીરોકાણકારોની નજર આજે હોલસેલ પ્રાઈઝ ફુગાવાના આંકડા પર આધારિત રહી હતી. રિઝર્વ બેંક ૧૭ જૂનના દિવસે તેની નાણાંકીય નીતિ સમિક્ષા જારી કરનાર છે જેમાં વ્યાજદરના ઘટાડાના સંબધમાં નિર્ણય કરવામાં આવનાર છે. એશિયન બજારમાં સવારે મંદી રહી હતી પરંતુ કારોબારના અંતે પણનકારાત્મક નોંધ જોવા મળી હતી. ઘરઆંગણે હેલ્થકેર અને બેંકિંગ સેક્ટર સિવાય બાકીના તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં મંદી રહી હતી જેમાં મેટલ, બેંક, રિયાલિટી, કન્ઝ્યુમર ડ્યુરેબલનો સમાવેશ થાય છે. આ તમામમાં ઉલ્લેખનીય ઘટાડો રહેતા તેની અસર સેન્સેક્સ પર થઈ હતી. જે કાઉન્ટર પર તેજી રહી હતી તેમાં જિંદાલ સ્ટીલમાં ૩.૮ ટકાનો સમાવેશ થાય છે. ઉપરાંત સિપ્લામાં એક ટકા, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૦.૬ ટકા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રામાં ૦.૭ ટકાનો સુધારો થયો હતો. જે શેરમાં ઘટાડો થયો હતો તેમાં તાતા પાવરમાં ત્રણ ટકા, કોલ ઈન્ડિયામાં ત્રણ ટકા, હિરોમોટોમાં ૨.૭ ટકા, તાતા સ્ટીલમાં ૨.૬ ટકા, બજાજ ઓટોમાં ૨.૨ ટકા, હિન્ડાલ્કોમાં ૨.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં નકારાત્મક સ્થિતિ રહી હતી. મિડકેપ અને સ્મોલકેપમાં ૦.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રિડથ નકારાત્મક રહી હતી. ૨૪૯૦માં કારોબાર થયો હતો જે પૈકી ૧૩૯૮ શેરમાં મંદી અને ૯૬૭ શેરમાં તેજી રહી હતી.

## એસબીઆઈ ૧૯૦૦૦ કર્મીઓની ભરતી કરશે

નવી દિલ્હી,તા. ૧૨

બેંકિંગક્ષેત્રમાં રોજગારીની ખૂબ સારી તકો દેખાઈ રહી છે. મળેલી માહિતી મુજબ દેશની અગ્રણી અને રાષ્ટ્રીયકૃત બેંકો મોટા પાયે ભરતી કરવાની પ્રક્રિયા હાથ ધરનાર છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં મોટી સંખ્યામાં ભરતીની પ્રક્રિયા હાથ ધરાશે.

સૂત્રોના જણાવ્યા મુજબ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ૧૫મી જૂનના દિવસે આના માટે જાહેરનામુ જારી કરી શકે છે. એસબીઆઈમાં ૧૯૦૦૦ હોદ્દાઓ પર આ જગ્યા ભરવામાં આવશે. આ ભરતી ક્લાર્કના હોદ્દાઓ માટે કરવામાં આવશે. ક્લાર્કની જગ્યાઓમાં ભરતી માટે અરજી કરવા ઈચ્છુક ઉમેદવારો પાસે લાયકાતની વાત કરવામાં આવે તો ડિગ્રી જરૂરી રહેશે. આ ઉપરાંત ૬૦ ટકા માર્ક સાથે ૧૨મા ધોરણમાં પાસ હોવા જરૂરી રહેશે. એસબીઆઈ દ્વારા લેખિત પરીક્ષા પણ લેવામાં આવશે. ઉમેદવારની વય ૧૮થી ૨૮ વર્ષની હોવી જરૂરી છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ સત્તાવાર ઓનલાઈન અરજી ૧૫મી જૂનના દિવસે જારી કરી શકાશે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દેશની મહાકાય બેંકોમાં સ્થાન ધરાવે છે. તેની ખૂબ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં ગણતરી કરવામાં આવે છે.

## શ્રીસંત રાષ્ટ્રીય ટીમમાં ફરી એન્ટ્રી કરવા આશાવાદી

કોચી,તા. ૧૨

આઈપીએલ સ્પોટ ફિક્સિંગ કોંભાંડમાં સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવ્યા બાદ જામીન ઉપર મુક્ત થયેલા રાજસ્થાન રોયલ્સના ઝડપી બોલર એસ શ્રીસંતે આજે દાવો કર્યો હતો કે તે નિર્દોષ છે અને રાષ્ટ્રીય ટીમમાં ફરી એન્ટ્રી કરવા માટે આશાવાદી છે. શ્રીસંતની હાલ પુરતી તકલીફ દુર થઈ છે. પરંતુ તેની સામે સંકજો હજુ યથાવત રહેશે. તિહાર જેલમાં ૨૭ દિવસનો સમય ગાળ્યા બાદ મુક્ત થયેલા શ્રીસંતે કહ્યું હતું કે તે ક્યારેય આશા છોડશે નહી. પોતાના વતનમાં આવી પહોંચ્યા બાદ શ્રીસંત અનેક મુદ્દે વિસ્તારપૂર્વક વાત કરી હતી. ત્રિપુનિથુરા નજી



સગાસંબંધી અને તેના માતાપિતા સાથે વાતચીત કર્યા બાદ અને તેમને મળ્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા શ્રીસંતે કહ્યું હતું કે મારુ સ્વપ્રભારત માટે ક્રિકેટ રમવાનુ છે. સ્થાનિક ક્રિકેટમાં રમીને બારતીય ટીમમાં પણ તે એન્ટ્રી કરવાની ઈચ્છા ધરાવે છે. હાલમાં તે આઈપીએલ સ્પોટ ફિકસિંગમાં સંડોવણી બદલ સસ્પેન્ડની સ્થિતીમાં છે. શ્રીસંતનુ કહેવુ છે કે તે આફ્રિકા ટુર શ્રેણીમાં રમવા માટે આશાવાદી છે. દિલ્હીમાંથી પરત આવ્યા બાદ શ્રીસંતે કહ્યું હતું કે તેના માતાપિતા પાસે આવ્યા બાદ તે ખુશ છે. ક્રિકેટ અંગે ટ્રેનિગ ફરી શરૂ કરવાની પણ વાત કરી હતી. સ્પોટ ફિક્સિંગના કેસમાં તે ફસાઈ ગયો હતો કે કેમ તે અંગે પુછવામાં આવતા શ્રીસંતે કહ્યું હતું કે કોઈ ખોટુ કામ કર્યું નથી. તેની ધરપકડ એક કાવતરાના ભાગરૂપે હોવાની વાત શ્રીસંતે કરી હતી. સારી બાબત ચોક્કસપણે લોકોની સામે આવશે. તિહાર જેલમાં તેને થયેલા અનુભવ અંગે પુછવામાં આવતા શ્રીસંતે કોઈ વાત કરવાનો ઈન્કાર કર્યો હતો. કોઈની સામે કોઈ ફરિયાદ હોવાનો તેણે ઈન્કાર કર્યો હતો. દરેક વ્યક્તિએ તેની ફરજ બજાવી છે. તેને જામીન સામે અપીલ કરવાની યોજના દિલ્હી પોલીસ બનાવી રહી છે તે અંગે પુછવામાં આવતા શ્રીસંતે કોઈ ટિપ્પણી કરી ન હતી.